## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




**અહેમદશાહ બાદશાહ સાથે મારે પણ જુનો સંબંધ... તેમણે બનાવડાવેલ ત્રણ દરવાજાનાં ખાંચામાં મારી તાળા-કૂંચીની દુકાન હતી...!**

# મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની પડતર માંગણીઓનો ઉકેલ ક્યારે..?

ગાંધીનગર,તા.૧૯

રાજયની મધ્યાહન ભોજનની યોજનામાં ફરજ બજાવતા કર્મચારીઓની પડતર માંગણીઓનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. છેલ્લા સાડા ત્રણ દાયકાથી ગુજરાત રાજયના ૯૬ હજાર કર્મચારીઓ માનદ વેતનથી ફરજ બજાવી રહ્યા છે. ત્યારે હાલની કારમી મોંઘવારીમાં સામાન્ય વેતનમાં પરિવારનું ભરણ-પોષણ કરવુ અઘરુ બની સાબિત થઈ રહ્યું છે. મધ્યાહન ભોજન યોજનામાં ગ્રામ્ય વિસ્તારમાં વિધવા, ત્યકતા અને ગરીબી હેઠળ જીવતા બહેનોને રોજગારી મળી રહેતી હતી. પરંતુ આ યોજનાનું ખાનગીકરણ કરતા કર્મચારીઓની રોજગારી છીનવાઈ જવા પામી છે. મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને સમાન કામ સમાન વેતન મુજબ લઘુતમ વેતન આપવું, જે જિલ્લામાં એનજીઓને કામગીરી સોંપવામાં આવી છે તે રદ કરી ફરીવાર યોજનાનું સંચાલન કર્મચારીઓ દ્વારા કરવામાં આવે તે સહિતની માંગણીઓનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી.

સમગ્ર રાજયમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજના અન્વયે ગરમ અને પૌષ્ટીક આહાર આપવાનો સરકાર દાવો કરી રહી છે. શાળામાં ભોજનના મેનુમાં પણ ધરખમ ફેરફાર કરી એક વખત ભોજન અને નાસ્તો આપવાનું નક્કી કરાયું છે. સુખડી આપવા માટે વિદ્યાર્થી દીઠ લોટમાં વધારો કરાયો છે. પરંતુ સામે તેલની માત્રા ઘટાડી દેવામાં આવી છે. તો બીજીતરફ કુંકીગ કોસ્ટ પેટે મધ્યાહન ભોજન કર્મચારીઓને મહેનતાણુ પણ સામાન્ય છે. મધ્યાહન ભોજનના કર્મચારીઓ તાજેતરમાં ગાંધીનગર ખાતે એકઠા થયા હતા. વેતનમાં વધારાની માંગ સાથે દર ત્રણ ચાર મહિને ચુકવવામાં આવતુ બિલ દર મહિને ચુકવવામાં આવે તેવી રજુઆત કરાઈ છે. નવા મેનું પ્રમાણે કર્મચારીઓની મહેનત વધી ગઈ છે.પરંતુ હજુ સુધી સરકારના કાને કર્મચારીઓની વેદના સંભળાતી નથી. સરકાર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી.ત્યારે સરકાર દ્વારા ટુંક સમયમાં હકારાત્મક નિર્ણય નહી આવે તો આગામી ચુંટણીમાં શાસકપક્ષ વિરુધ્ધ મતદાન કરવાની કર્મચારીઓ વતી ઓલ ગુજરાત રાજય મધ્યાહન ભોજન કર્મચારી મંડળ દ્વારા જાહેરાત કરાઈ છે.

## ખૂણેખાંચરેથી

● રાજયના મુખ્યમંત્રીએ આજે અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક વહેલી યોજવાની જાણ કરતાં અધિકારીઓ તાબડતોબ માણસા પહોંચ્યા હતા.

● મોસાળમાં મા પીરસનારી હતી પણ જીલ્લા પંચાયતની જમીનના મુદ્દે ના ચૂંટાયેલી પાંખે કે વહીવટીય પાંખે રજુઆત ના કરતાં રાજકીય વર્તુળોમાં પણ આશ્ચર્ય ફેલાયુ છે.

● ૨૦-૨૧મીના હીટવેવની આગાહીને લઈ તંત્ર પણ એલર્ટ મોડમાં આવી ગયુ છે.

● દહેગામ તાલુકાની જીવરાજના મુવાડા પ્રા. શાળામાં બાળકોના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં આજે મુલાકાતીઓની સંખ્યા ઓછી હતી.

● દહેગામના નાંદોલ ખાતે બ્રહ્મસમાજના ૨૩ બટુકોનો સમૂહ યજ્ઞોપવિત સંસ્કારનો કાર્યક્રમ યોજાયો હતો.

● સે. ૩-ડી માં સોમેશ્વર મહાદેવ મંદિર ખાતે પુનઃ પ્રાણપ્રતિષ્ઠા ત્રિદિવસીય મહોત્સવ સંપન્ન થયો.

● દહેગામની એક બેંકમાં સાત જેટલા ગ્રાહકોએ લોન પેટે મુકેલા દાગીના ગુમ થતાં પોલીસ ફરિયાદ થઈ છે.

● ૨૯-૩૦ ના રોજ ગાંધીનગરના સાંસદ વ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે.

● સરિતાઉદ્યાનમાં મુકાયેલા કસરતના સાધનો તુટી ગયા છે પણ તેના રિપેરીંગને લઈ તંત્રની ઉદાસીનતાને લઈ લોકોમાં નારાજગી પ્રવર્તી રહી છે.

## ગૂજરાત વિદ્યાપીઠ સાદરા દ્વારા મહાત્મા મંદિરની દાંડીકૂટિરમાં કાંતણનું નિદર્શન કરાયું




ગાંધીનગર, તા. ૧૯

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન મુજબ મહાત્મા મંદિરની દાંડી કૂટિરમાં પેટી રેંટિયા અને બે ત્રાકના અંબર ચરખા દ્વારા કાંતણનું નિદર્શન કરવામાં આવ્યું. કાંતણની સાથે સાથે દાંડી કૂટિરમાં આવતા મુલાકાતીઓને કાંતણનું મહત્વ, કાંતણ કરવાની પદ્ધતિ અને કાંતણ દ્વારા નીકળતા તારમાંથી આંટી બનાવી હાથશાળ દ્વારા ખાદીના કાપડની બનાવટની સંપૂર્ણ વિગતથી માહિતગાર કરવાનું કામ સંકુલ સાદરાના સેવક ગોરધન રાવલ અને સ્મિતા ગામીતે કર્યુ. ડૉ. મોતી દેવું, ડૉ. બળદેવ મોરીએ આ વ્યવસ્થામાં મદદ કરી. મહાત્મા મંદિર ગાંધીનગરની દાંડી કૂટિરના નિર્દેશન ચિરાગ પ્રજાપતિના ખાસ આગ્રહથી આ કાંતણ કાર્યનું નિદર્શન કરવામાં આવ્યું.

## સેકટર-૧૧ પથિકાશ્રમ પાછળ બિયરના ટીન વેચી રહેલો યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

શહેરના સેકટર-૧૧ પથિકાશ્રમ પાછળ આવેલી ઝાડી વિસ્તારમાં બ્લેક કલરના નંબર વિનાના એકટીવા લઈને ઉભો રહેલો યુવક બિયરના ટીન વેચી રહ્યો છે. જેથી પોલીસે યુવકને ૨ ટીન બિયર સાથે પકડી પાડી અને રૂ.૩૫ હજારનું એકટીવા મળી કુલ રૂ.૩૫,૨૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે સેકટર-૧૧ પથિકાશ્રમ ઝાડીઓ તરફ આવતા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે પથિકાશ્રમ પાછળ આવેલી ઝાડીઓમાં એક શખ્સ કાળા કલરના નંબર વિનાના એકટીવાની ડેકીમાંથી બિયરના ટીન રાખી વેચાણ કરે છે.જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ કાળા કલરના એકટીવા લઈને ઉભા રહેલા યુવકને કોર્ડન કરી પકડી પાડ્યો હતો. પોલીસે યુવકને તેનુ નામ પુછતા ધ્રુવ મહેશભાઈ લોધા (રાજપૂત, ઉં.૧૯, હડમતીયા શાંતિકુંજ સોસાયટી મકાન નં.૧૩) હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે એકટીવા ચેક કરતા ડેકીમાંથી બિયરના બે ટીન મળી આવ્યા હતા. તે ઉપરાંત ડેકીમાંથી નંબર પ્લેટ મળી આવી હતી. જે બંન્ને નંબર પ્લેટ પર જી.જે.૧૮.ડી.એલ.-૫૩૨૨ લખેલ છે. બે ટીન બિયર રૂ.૨૩૦ તેમજ રૂ.૩૫ હજારનું એકટીવા મળી કુલ રૂ.૩૫,૨૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સચિવાલય ગેટ નં.૩ પાસે અલ્ટોના ચાલકે એકસેસને ટકકર મારતા યુવતિને ઈજા

ગાંધીનગર, તા.૧૯

શહેરના છ માર્ગ પર ગઈકાલે સાંજના સુમારે અલ્ટો-એકસેસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અલ્ટો કારના ચાલકે પાછળથી એકસેસને ટક્કર મારતા યુવતિ નીચે પટકાતા ઈજા પહોંચતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૪ સી પ્લોટ નં.૭૯૯-૨ ખાતે રહેતા જીગીશા શંકરભાઈ ચૌધરી સેકટર-૨૧ પંજાબ નેશનલ બેંકમાં પ્રોબેશનલ અધિકારી તરીકે ફરજ બજાવે છે.પોતાના ઉપયોગ માટે તેણી એકસેસ નં. જી. જે. ૧૮સી. એસ. ૩૩૪૬ નો ઉપયોગ કરે છે. ત્યારે ગતરોજ સાંજના સાડા છ વાગ્યાના અરસામાં જીગીશા ચૌધરી એકસેસ લઈને છ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન સચિવાલય ગેટ નં.-૩ પાસે અલ્ટો ગાડી નં. જી. જે. ૦૭. બી. આર.-૩૦૨૭ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એકસેસને પાછળની ટક્કર મારતા જીગીશા ચૌધરી નીચે પટકાતા ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે અન્ય રાહદારીઓ પણ એકઠા થઈ ગયા હતા. બનાવ સ્થળે ૧૦૮ આવી જતા સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા.જયારે તેણીને મોંઢાના ભાગે ટાંકા લીધા છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## શિક્ષણ જગતના આઠ પ્રશ્નોના હકારાત્મક ઉકેલ બદલ શિક્ષણમંત્રી વાઘાણીનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યભરના લાખો શિક્ષકો અમારો પરિવાર છે. તેમના પડતર પ્રશ્નોના હકારાત્મક ઉકેલ-નિરાકરણ લાવવું એ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી અમારી સરકારની પ્રાથમિકતા રહી છે. તેમ આજે ગાંધીનગર ખાતે શિક્ષક સંઘના હોદ્દેદારોને સંબોધતા શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું હતું. ગુજરાતમાં શિક્ષણ જગતના પડતર આઠ પ્રશ્નોના તાજેતરમાં સુખદ ઉકેલ બદલ રાજ્યભરના વિવિધ છ શિક્ષકસંઘ વતી ગુજરાત રાજય શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા આજે ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીનું આભાર પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રી વાઘાણીએ શિક્ષક સંઘના હોદ્દેદારોને જણાવ્યું હતું કે તમામને શિક્ષણ આપવું તે આપણી સૌની સંયુક્ત જવાબદારી છે. શિક્ષકોને નિયમાનુસાર મળવાપાત્ર તમામ લાભો આપવા એ અમારી જવાબદારી છે અને તેને સરકારે સુપેરે નિભાવી રહી છે. તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં બાળકોના હિતમાં શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ પરિવર્તન કરી સુધારા કર્યા છે જેના હકારાત્મક પરિણામ આજે આપણે સૌ અનુભવી રહ્યા છીએ.

મંત્રીએ કહ્યું હતું કે શિક્ષકોને પ્રમોશન, ઉચ્ચતર પગાર, એલટીસી, બદલી સહિતના લાભોથી કામ કરવાનો ઉત્સાહ વધે છે. તાજેતરમાં ૩૯ હજાર શિક્ષકોના હિતમાં લેવાયેલા વિવિધ નિર્ણયથી અંદાજે તેમના સાથે જોડાયેલા બે લાખ જેટલા લોકોને તેની હકારાત્મક અસર થઈ છે. આ નિર્ણયના ઠરાવો ટૂંક સમયમાં તૈયાર કરી દેવાશે તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. આ પ્રસંગે વિવિધ શિક્ષક સંઘ વતી ઉપસ્થિત હોદ્દેદારોએ શિક્ષણમાં કોઈપણ પ્રકારની બાંધછોડ નહીં કરીને, છેવાડાનું કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેનો રાજ્યભરના લાખો શિક્ષકો વતી શિક્ષણમંત્રી વાઘાણીને વિશ્વાસ અપાવ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક આચાર્ય સંઘ પ્રમુખ જે.પી. પટેલ, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળ દિનેશભાઈ ચૌધરી, શૈલેષ પંચોલી, ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળ પ્રમુખ ભરતકુમાર પટેલ (દાઢી), ગુજરાત રાજ્ય વહીવટી કર્મચારી સંઘ મહામંડળ અજીતસિંહ સુરમા, મહેન્દ્રભાઈ પટેલ, ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળ ભાસ્કર પટેલ અને નારાણભાઈ પટેલ, ગુજરાત રાજ્ય ભારતીય જનતા પાર્ટી શિક્ષણ સેલ કન્વીનર ડો. પાડલીયા સહિત મોટી સંખ્યામાં હોદ્દેદારોએ ઉપસ્થિત રહીને શિક્ષણ મંત્રીનો આભાર માન્યો હતો.

## આજે સેક્ટર-૨૪ ખાતે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૨૪ ખાતે ૨૦મીએ રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૫૫૧, આદર્શનગર સોસાયટી ખાતે ભવ્ય સુંદરકાંડ પાઠનું આયોજન ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે કરવામાં આવ્યું છે. સર્વે નગરજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## મહાત્મા મંદિર ખાતે વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં સંકુલ સાદરાના સેવકો જોડાયા




ગાંધીનગર, તા. ૧૯

ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપક મહાત્મા ગાંધીના નામ ઉપરથી ગાંધીનગર નામ પડ્યું. ગાંધીનગરમાં આવેલા મહાત્મા મંદિરનું નામ પણ પડ્યું, એવા મહાત્મા મંદિર ખાતે વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં દેશવિદેશના ૨૫૦૦ સભ્યોએ ભાગ લીધો, જેમાં ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલની સાથે પ્રા. ડૉ. મોતી દેવું, પ્રા. ડૉ. રાજેન્દ્ર જોશી, પ્રા. ડૉ. બળદેવ મોરી અને ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. કનૈયાલાલ નાયકે સક્રિય ભાગ લઈ વડનગરના ઈતિહાસની માહિતી એકત્ર કરી પ્રદર્શનની મુલાકાત લીધી.

## આગામી ૨૬ જુને સમગ્ર દેશમાં નેશનલ અદાલતનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, દિલ્હી દ્વારા સમગ્ર દેશમાં તા. ૨૬-૬-૨૨ના રોજ નેશનલ અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે, તેના ભાગરૂપે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના આદેશ અનુસાર અત્રેની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પ્રથમ માળ, ન્યાય મંદિર, સેક્ટર-૧૧, ગાંધીનગર દ્વારા ૨૬મી જૂન-૨૦૨૨ના રોજ જિલ્લાકક્ષાએ તેમજ તાલુકા કક્ષાની તમામ અદાલતોમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલતમાં સમાધાન લાયક ફોજદારી કેસો, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮ના કેસ, બેન્કનાં લેણાના દાવા, મોટર અકસ્માત વળતરના કેસ, લેબરને લગત કેસ, ઈલેક્ટ્રીસીટી તેમજ પાણીના વેરાના કેસ, લગ્ન વિષયક કેસ (છુટાછેડા સિવાયના), જમીન સંપાદનના કેસ, અલાઉન્સીસ અને રીટાયરલ બેનીફીટ્સને લગતી સર્વિસ મેટર, રેવન્યુ કેસ, અન્ય સીવીલ કેસ વગેરેનો સમાવેશ કરાશે. જે પક્ષકારોને કોર્ટમાં ઉપરોક્ત દર્શાવેલ કેસને લગતા પેન્ડીંગ કેસોનું સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેઓએ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ કલોલ, માણસા, દહેગામ તેમજ ગાંધીનગરની કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યુ છે. વધુ માહિતી માટે અત્રેની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર, રૂમ નંબર ૧૦૧, પ્રથમ માળ, ન્યાયમૂંદિર, સેક્ટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવો તેમજ સંપૂર્ણ લોક અદાલત સરકારની કોવીડ-૧૯ અન્વયે પ્રસિદ્ધ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## હવે, રંગમંચ, લગ્નવાડી માત્ર ૧૫૦૦૦ રૂપિયામાં થશે બૂક : અંકિત બારોટ

### મનપાનાં શાસકો ને પોતાની તિજોરી ભરવામાં રસ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગર નાં મોટાં ભાગ નાં રંગમંચ જાતે રીનોવેશન કરી ને તેનું સંચાલન મહાનગરપાલિકા પોતે કરતું હતું જેનું ભાડું ૧૫૦૦૦/- જેટલું માતબર રાખવામાં આવ્યું હતું અને ડિપોઝિટ પેટે રૂપિયા ૧૦૦૦૦/- જેટલું વશુલ કરવામાં આવતું હતું . જેનો વિરોધ ભૂતકાળમાં કોંગ્રેસ પાર્ટી એ કર્યો હતો પરંતુ મહાનગરપાલિકાનાં શાસકો ને પોતાની તિજોરી ભરવામાં રસ છે.

સે-૨૪,૨૭ મધ્યમ વર્ગીય અને શ્રમજીવી પરિવાર વસવાટ કરે છે. તા-૨૨/૦૩/૨૦૨૨ નાં રોજ ગુજરાત સરકાર નાં માર્ગ મકાન નાં મંત્રી શ્રી ને રૂબરૂ મુલાકાત કરી ને મેં આ બંને સેક્ટર નાં રંગમંચ કે જેનું રેનોવેશન પાટનગર યોજના વિભાગ એ જ કર્યું છે જેમાં મહાનગરપાલિકા નું કોઈ યોગદાન નથી માટે હજુ ૫ વર્ષ માટે આ બને રંગમંચ નું સંચાલન પાટનગર યોજના વિભાગ દ્વારા કરવામાં આવે જેથી ગાંધીનગર માં વસતાં ગરીબ અને મધ્યમ વર્ગ નાં લોકો ને ૨૦૦/- રૂપિયા નાં નજીવા દરે બેસણું અને લગ્ન પ્રસંગ જેવાં કાર્યક્રમ રાહત દરે એ થઈ શકે , સામન્ય માણસ નું મરણોત્તર વિધિ નું બજેટ રૂપિયા ૧૫૦૦૦/- જેટલું અંદાજિત હોય છે, પરંતુ હવે ૧૫૦૦૦/ માત્ર રંગમંચ નું ભાડું ચુક્કવું પડશે જે તદન દુઃખદ બાબત છે.

## રાયપુર ગામેથી વિદેશી દારૂના ૨૫ નંગ કવાર્ટર મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૯

ડભોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે ફરતા ફરતા રાયપુર ગામ નજીક આવતા બાતમી મળી હતી કે રાયપુર ગામે એસ્સાર પેટ્રોલ પંપની સામે રહેતા પરબતભાઈ પ્રવિણજી ઠાકોર પોતાના ઘરે વિદેશી દારુ રાખી વેચાણ કરે છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ રેઈડ પાડતા ઘરની આગળ વરંડાની બાજુમાં પ્લાસ્ટીકની થેલીમાં જોતા કાચના કવાર્ટર નંગ-૨૫ મળી આવ્યા હતા. પોલીસે રૂ.૩,૧૨૫ નો મુદ્દામાલ કબ્જે કરી પરબતભાઈ પ્રવિણજી ઠાકોરને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

## ખેલમહાકુંભમાં જે.એમ. ચૌધરીના ખેલાડીઓ ૪૬ મેડલ જીત્યા હતા

ગાંધીનગર, તા.૧૯

૧૧મા ખેલમહાકુંભ અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકાની જિલ્લા કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધા યોજાઈ હતી. જેમા જે.એમ.ચૌધરી સાર્વજનીક કન્યા વિદ્યાલયની ખેલાડી બહેનોએ ૨૨ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને ૭ બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ છે.જિલ્લા કક્ષાએ પ્રથમ અને દ્વિતિય સ્થાન મેળવનાર શાળાની ૨૫ ખેલાડી બહેનો અને ૧ ખેલાડી ભાઈ મળી કુલ ૨૬ ખેલાડીઓ આગામી તા. ૨૧થી ૨૪ મે દરમિયાન સાબર સ્ટેડીયમ, હિંમતનગર ખાતે યોજાનાર રાજય કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધામાં ગાંધીનગર મહાનગર પાલિકાનું પ્રતિનિધિત્વ કરશે. આ ખેલાડઓને શાળાના એથ્લેટીકસ ટ્રેનર જીવણજી ઠાકોર દ્વારા ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે. માણસાના પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના મુખ્ય કોચ કૌશિકભાઈ પટેલ, અખિલ આંજણા કેળવણી મંડળના કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી, સ્પોર્ટસ એકેડમીના ડાયરેકટર ભરતજી ઠાકોર, ડી. એલ. એસ. એસ. મેનેજર રીજ્ઞેશભાઈ ચૌધરીએ ખેલાડીઓની મુલાકાત લઈ અભિનંદન પાઠવ્યા હતા તથા તમામ ખેલાડીઓને આગામી રાજયકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવી હતી. શાળા પરિવાર તરફથી આચાર્ય રમીલાબેન અને અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરીએ તમામ ખેલાડીઓ તેમના કોચ જીવણજી અને ડીએલએસએસના તમામ સ્ટાફ તથા શાળાના વ્યાયામ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

## સેકટર-૧૬ ઘર પાસેથી બુલેટ ચોરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ છ ટાઈપ બ્લોક નં.૧૨૬-૫ પાસેથી બુલેટની ચોરી થવા પામી છે. પોતાના મિત્રના દિકરાનું બુલેટ બહારગામ જવાનું હોવાથી લાવ્યા હતા. બુલેટ ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૬ બ્લોક નં.૧૨૬-૫ છ ટાઈપ ખાતે દશરથભાઈ ચમાર સેકટર-૧૦ કૃષિભવન ખાતે કલાર્કની નોકરી કરે છે. તેઓને બહારગામ જવાનુ હોવાથી પોતાના મિત્ર ગીરીશભાઈ સોનીના દિકરાનું બુલેટ ગત તા.૧૬ ના રોજ સવારના સમયે લાવ્યા હતા. જયારે તા.૧૮ ના રોજ સાંજના સાડા છ વાગે બહાર ગામ જવાનું હતું. જેથી બુલેટ જી. જે. ૧૮. સી. આર.-૮૬૭૬ ઘરની આગળ તા.૧૭ ના રોજ સાંજના ૭ વાગે પાર્ક કર્યું હતું. પરિવાર રાત્રીના સમયે સુઈ ગયો હતો. જયારે સવારે ૬ વાગે ઉઠીને જોતા બુલેટ જોવા મળ્યું ન હતું. જેથી બુલેટ અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા બુલેટ મળી આવ્યું ન હતું. ઘર પાસેથી પાર્ક કરેલુ બુલેટ કોઈ શખ્સ ચોરી કરી પલાયન થઈ ગયો હતો. રૂ.૮૦ હજારના બુલેટ ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.


**ગુજરાત રાજ્ય બીજ નીગમ લિમિટેડ**
બીજ ભવન, સેક્ટર નં.૧૦-અ, ગાંધીનગર - ૩૮૨૦૧૦
ફોન નં. ૨૩૨૫૬૬૮૮, ૨૩૨૫૬૬૯૨

**કોમ્પ્યુટર, પ્રિન્ટર, લેપટોપના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટનું ટેન્ડર**

નિગમની વડી કચેરી ખાતે કોમ્પ્યુટર, પ્રિન્ટર અને લેપટોપની સર્વિસની કામગીરી કરવાનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા માટે સંબંધિત પાર્ટીઓ પાસેથી ઓફલાઈન ટેન્ડરીંગ પદ્ધતિથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું ઓફલાઈન ટેન્ડર તા. ૩૦/૫/૨૦૨૨ સુધીમાં સીલબંધ કવરમાં બીજ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે મોકલી આપવાનું રહેશે. ટેન્ડરની વિગત વેબસાઈટ www.gurabini.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર તા. ૩૧/૫/૨૦૨૨ના રોજ ખોલવામાં આવશે.

સહી/-
(પી.એસ. રબારી)
મેનેજીંગ ડીરેક્ટર



**નામ બદલેલ છે**

હું જનાર્દન કરાડે અગાઉ જનાર્દન નામે ઓળખાતો હતો જે હવે જનાર્દન કરાડેના નામે ઓળખાઈશ.
પ્લોટ નં. ૧૫૮/૨,
સેક્ટર-૧૪, ગાંધીનગર
- જનાર્દન કરાડે



મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત
યુ.જી.સી.ના ૧૯૫૬ના એક્ટની સેક્શન - ૩ મુજબ માન્ય ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી
**ગૂજરાત વિદ્યાપીઠ (NAAC-'A')**
આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોન : ૦૭૯-૪૦૦૧૬૨૦૦/૨૭૫૪૧૧૪૮

**M.Sc. પ્રવેશ જાહેરાત ૨૦૨૨-૨૦૨૩**

બી.એસસી. પછી બાયોગેસ સંશોધન અને માઈક્રોબાયોલૉજી વિભાગ, ફેકલ્ટી ઑફ સાયન્સ ઍન્ડ અપ્લાઈડ સાયન્સ, ગૂજરાત વિદ્યાપીઠ, મુ. સાદરા, તા.જિ. ગાંધીનગર મુકામે (૧) M.Sc. (Microbiology) અને (૨) M.Sc. (Environmental Sciences and Technology) અભ્યાસક્રમોમાં પ્રવેશ ઉપલબ્ધ છે.
૧) M.Sc.ની પ્રવેશ પરીક્ષાના ૭૫% ગુણભાર અને બી.એસસી.ના પરિણામના ૨૫% ગુણભારને આધારે મેરિટ મુજબ પ્રવેશ આપવામાં આવશે. ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે એસ.સી. કેટેગરી માટે ૧૫%, એસ.ટી. કેટેગરી માટે ૭.૫%, અન્ય પછાત વર્ગ (OBC) ના ઉમેદવારો માટે ૨૭% (જેમની પાસે નોનક્રિમિલેયરનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગના ઉમેદવારોમાં કરવામાં આવશે.), આર્થિક અક્ષમ વર્ગ (EWS) માટે ૧૦% તેમ જ વિકલાંગ માટે ૫% (જે તે કેટેગરીમાં) અનામત રહેશે.
૨) પ્રવેશ પરીક્ષામાં બી.એસસી. અભ્યાસક્રમના આધારે અને ગાંધીજીની આરોગ્યની ચાવી (Key to Health – English translation) પુસ્તકમાંથી બહુ વૈકલ્પિક/હેતુલક્ષી પ્રશ્નો પુછાશે.
ગાંધીજીની આરોગ્યની ચાવી (Key to Health – English translation) પુસ્તકની લિંકઃ
Key to Health:
https://www.gandhiheritageportal.org/bookdetail/en/MTE=
આરોગ્યની ચાવીઃ
https://www.gandhiheritageportal.org/bookdetail/gu/MTE=
**૩) અગત્યની તારીખો :**
**પ્રવેશ અરજી કરવાની છેલ્લી તારીખ : ૧૫-૦૬-૨૦૨૨**
**પ્રવેશ પરીક્ષાની તારીખ : અંદાજિત તા.૨૩-૦૬-૨૦૨૨ થી તા.૨૭-૦૬-૨૦૨૨ દરમિયાન.**
(પ્રવેશ પરીક્ષાની નિશ્ચિત તારીખ સંસ્થા તમને ઈ-મેલ દ્વારા જણાવશે).
**૪) પ્રવેશ પરીક્ષાનું સ્થળ : બાયોગેસ સંશોધન અને માઇક્રોબાયોલોજી વિભાગ, ફેકલ્ટી ઓફ સાયન્સ એન્ડ અપ્લાઇડ સાયન્સ, તાલીમ કેન્દ્ર પરિસર, ગૂજરાત વિદ્યાપીઠ, મુ. સાદરા, તા.જિ. ગાંધીનગર. સંપર્ક નં. ૦૭૯-૨૯૯૧૧૧૨૦**
૫) M.Sc. અભ્યાસક્રમ અંગેની સંક્ષિપ્ત માહિતી અને પ્રવેશ લાયકાત વેબસાઈટ પરના બ્રોસરમાં દર્શાવેલ છે.
**ખાસ નોંધ :** પ્રવેશ અંગેની સંપૂર્ણ માહિતી અને ઑનલાઈન અરજીપત્રક ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org (Admission – Post Graduate Program – ૨૦૨૨) પર ઉપલબ્ધ છે. જે વિદ્યાર્થીઓનું છઠ્ઠા સેમેસ્ટરનું પરિણામ બાકી હોય તેઓ ઑનલાઈન અરજીપત્રકમાં પાંચમા સેમેસ્ટરના પરિણામની વિગત ભરી શકશે, પરંતુ મેરિટ બનતા પહેલાં છઠ્ઠા સેમેસ્ટરનું પરિણામ રજૂ કરવું અનિવાર્ય રહેશે.
**તા. ૧૯/૦૫/૨૦૨૨** **પ્રો. નિખિલ ભટ્ટ, કા. કુલસચિવ**



મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત
યુ.જી.સી.ના ૧૯૫૬ના એક્ટની સેક્શન - ૩ મુજબ માન્ય ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી
**ગૂજરાત વિદ્યાપીઠ (NAAC-'A')**
આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોન : ૪૦૦૧૬૨૭૧/૨૭૨

**પ્રવેશ જાહેરાત ૨૦૨૨-૨૦૨૩**

નીચેની વિદ્યાશાખા અંતર્ગત વિવિધ વિષયોમાં અનુસ્નાતક (માસ્ટર ડિગ્રી) માટે પ્રવેશ ઉપલબ્ધ છે.
**(૧) વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી :** MCA, PGDCA, અનુસ્નાતક ડિપ્લોમા કમ્પ્યૂટર હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ (PGDCHN), BCA **(૨) ભાષાઓ અને સાહિત્ય :** MA ગુજરાતી / હિન્દી **(૩) સામાજિક વિજ્ઞાન :** MA ગ્રામઅર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ **(૪) ગાંધીદર્શન અભ્યાસક્રમ :** MA ગાંધી અધ્યયન **(૫) વ્યાવસાયિક અભ્યાસક્રમ :** MA પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન (MJMC), સમાજકાર્ય (MSW), મનોચિકિત્સકીય સમાજકાર્ય (MPSW), ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન (B.Lib., M.Lib.), દૃશ્યશ્રાવ્ય ટી.વી. કાર્યક્રમ નિર્માણ અનુસ્નાતક ડિપ્લોમા **(૬) યોગવિદ્યા અભ્યાસક્રમ :** માસ્ટર ઑફ યૌગિક આર્ટ એન્ડ સાયન્સ (MYASc), યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા (P.G.Diploma), યોગવિદ્યા ત્રિમાસિક પ્રમાણપત્ર અભ્યાસક્ર (SSC ધોરણ-૧૦ પાસ) **(૭) કમ્પ્યૂટર હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ પ્રમાણપત્ર અભ્યાસક્રમ (૬ માસ), PV સોલર ટેક્નોલોજી પ્રમાણપત્ર અભ્યાસક્રમ (૩ માસ)**

**લઘુતમ લાયકાત**
(૧) MSW, MPSW માટે સ્નાતક કક્ષાએ ૫૦% જરૂરી
(૨) M.A./P.G. Diploma (દરેક વિષય) માટે સ્નાતક કક્ષાએ ૪૦% જરૂરી
(૩) MCA, MSW અને યોગવિદ્યામાં પ્રવેશ પરીક્ષાના આધારે પ્રવેશ આપવામાં આવશે. બાકીના વિષયોમાં પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે

**નોંધ :** ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે અનુસૂચિત જાતિ (SC) ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ (ST) ૭.૫ ટકા, અન્ય પછાતવર્ગ(OBC)ના ઉમેદવારો માટે ૨૭ ટકા (જેમની પાસે નોનક્રિમીલેયરનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગના ઉમેદવારોમાં કરવામાં આવશે.) આર્થિક રીતે નબળા વર્ગ (EWS) માટે ૧૦ ટકા તેમ જ દિવ્યાંગને ૫ ટકા અને જમ્મુ-કાશ્મીરના રહેવાસી ઉમેદવારો માટે વધુ ૨ (બે) બેઠકો આરક્ષિત રહેશે.

**ખાસ નોંધ : ઉપરોક્ત તમામ વિષયોની સંપૂર્ણ માહિતી અને અરજીપત્ર ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ : www.gujaratvidyapith.org ઉપર ઉપલબ્ધ છે.**

ઉપરોક્ત દરેક અભ્યાસક્રમમાં છેલ્લાં વર્ષ/સત્રની પરીક્ષા આપેલ વિદ્યાર્થી પણ અરજી કરી શકે છે.
ગ્રામઅર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, સમાજકાર્ય અને મનોચિકિત્સકીય સમાજકાર્ય માટે છાત્રાલય અનિવાર્ય છે.
બાકીના વિષયમાં વહેલા તે પહેલાના ધોરણે છાત્રાલયમાં પ્રવેશ મળી શકશે.
વિભાગમાં પ્રવેશ સંખ્યા પૂર્ણ થયે પ્રવેશની લિંક બંધ કરવામાં આવશે.
કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક-અનુસ્નાતક કોઈ પણ વિષયમાં પ્રવેશ મેળવી શકશે.

**MSWમાં પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૦/૦૬/૨૦૨૨ રહેશે.**
**તા. ૧૯/૦૫/૨૦૨૨** **પ્રો. નિખિલ ભટ્ટ, કા. કુલસચિવ**